# જાહેરનામું

## મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ભાગ ૨૨ નિયમ ૩૩ અન્વયે કાઢેલ હુકમ

## ક્રમાંક : ગ/ઉપક/ ૭૯ /૨૦૧૪. તા. ૧૫/ ૧૦ /૨૦૧૪.

સાર્વજનીક ખાનપાનની જગ્યાઓ આહારગૃહ/રેસ્ટોરન્ટ ના માલીકો કે જેઓ બી.પે.એકટ ૧૯૫૧ ભાગ.૨૨ નિયમ ૩૩ મુજબ નોંધણી પ્રમાણપત્રો ધરાવે છે તેમને નિયમ મુજબ સવારે ૫ થી રાત્રીના ૧૧.૩૦ સુધી સાર્વજનીક ખાનપાનની જગ્યાઓ ચાલુ રાખવા દેવા મંજુરી આપવામાં આવેલ છે.

આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને આથી હુ શિવાનંદ ઝા બી.પી.એકટ ૧૯૫૧ ભાગ.૨૨ નિયમ ૩૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ તા: ૨૦.૧૦.૨૦૧૪ થી તા: ૨૮/૧૦/૨૦૧૪ સુધી સાર્વજનીક ખાનપાનની જગ્યાઓ આહારગૃહો/રેસ્ટોરેન્ટ ના માલીકો જે જેઓ વેલીડ પરવાના આ નિયમ હેઠળના ધરાવે છે તેમને તેમની આ જગ્યાઓ રાત્રીના ૧.૦૦ સુધી ખુલ્લી રાખવા દેવાનુ ઠરાવુ છુ. આ સમય દરમ્યાન આ પ્રકારની પરવાનીગીને કારણે સુલેહશાંતીનો ભંગ થતો હોવાનુ કે ટ્રાફીક પ્રાવહને અવરોધ થતો હોવાનુ કે અન્ય કોઇ પ્રકારની ત્રાસદાયક પ્રવુતી થતી હોવાનુ જણાશે તો આવી જગ્યાઓ ના માલીકોને તેમને પ્રવુતી તાત્કાલીક અસરથી બંધ કરવા તથા પરવાનો રદ કરવા પાત્ર થતો હોવાનુ જણાવી કાયદેસરના પગલા લઇ શકાશે.

આ હુકમની જાહેરાત આમાદાવદ શહેરના લાઉડ સ્પીકર ધરાવતા વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેમજ જાહેર જગ્યાઓએ હુકમની નકલો ચોટાડીને કરવી અને આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર પરથી જાહેરાત કરાવવી.

આજરોજ તારીખ :૧૫/૧૦/૨૦૧૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તારીખ : ૧૫/૧૦/૨૦૧૪
અમદાવાદ શહેર.

COMMISSIONER OF POLICE LICENCE BR., A'BAD CITY

(શિવાનંદ ઝા )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

નકલ સ.રવાના:-

૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા.
૨/-ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીઝ, અમદાવાદ
૫. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ,(૫ નકલ)
૬. રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ,ભદ્ર, અમદાવાદ,(૫ નકલ)
૭. રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ,ભદ્ર, અમદાવાદ,(૫ નકલ)
૮.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ,(૨૫ નકલ)
૯.મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર,